ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૦૨૦૦૩-૬૧૫-અ.૧(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૯/૦૩/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૪-૦૩-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૯-૧૨૦૩૧૯-બ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૦૮-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦૨૦૧૮-૧૨૦૩૧૯-બ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૬-૦૭-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ લઘસ-૧૦૨૦૦૩-૬૧૫-અ૧(પા.ફા.)

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૪/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૬૨-૧૬૩

આ મુ ખ :-

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે રૂ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૪-૦૩-૨૦૧૯ ના ઠરાવ અને વંચાણ (૨) સામે દર્શાવેલ તા.૨૦-૦૮-૨૦૧૯ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંક (૩) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંકઃ (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના પત્રથી બાકી રહેલ રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને કુલ રૂ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બીજા હપ્તા પેટે કુલ ગ્રાન્ટમાંથી બાકી રહેતી એટલે કે રૂ.૧૫૦.૦૦ લાખ(રૂપિયા એક સો પચાસ લાખ પૂરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા

અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શ ર તો :-</u>**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે, પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક અત્રે રજૂ કરવાની રહેશે અને નિગમને ૩ ટકા લેખે જે સર્વિસ ચાર્જ મળે છે, તે રકમમાંથી મહેકમ ખર્ચ કરવાનો રહેતો હોઇ, વસુલાત માટે નિગમે સઘળા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

(૭) નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૮) જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.

(૯) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૧૦) હવે પછીની મળવાપાત્ર સુધારેલ ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

3. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંક: બજટ-૧૦૨૦૧૯-૧૨૦૩૧૯-બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૪/03/૨૦૧૯ના ઠરાવ

અને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૦/૦૮/૨૦૧૯ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૯/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ.ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦